# -: હકીકતના ઈલ્મની અન્હાર :-

હર ચીઝની અસલ અને મસલ (ઓથું) હોય છે. આદમ (અ.સ.) ની અસલ ઈલ્મ, નુહ (અ.સ.) ની અસલ સફીનું (કિશ્તી), ઈબ્રાહીમ (અ.સ.) ની અસલ કાઅબતુલ્લાહ, મૂસા (અ.સ.) ની અસલ અસા અને યદે બૈઝાઅ, ઈસા (અ.સ.) ની અસલ સલીબ (ચોકડી, ક્રોસ), મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની અસલ કુરઆન છે. દૌરૂસ્સતરની શરૂઆત આદમ (અ.સ.) થી છે. આદમ (અ.સ.) ને અલ્લાહતઆલાએ તમામ ઈલ્મો ફનમાં કામિલ કીધા, હાવી કીધા અને નબી થઈને ઝાહિર થયા. આ પહેલા દૌરૂલ કશફમાં દાઅવત કાઈમ હતી. આદમ (અ.સ.) ને અલ્લાહતઆલાએ **"અદીમુલ અર્ઝ"** યાઅની પસંદીદહ માટીમાંથી પૈદા કીધા. હરએક ઝમાનમાં અલ્લાહના ખલીફા આદમ (અ.સ.) ના મકાનો મકામમાં મૌજૂદ જ હોય છે, જેને **"આદમુઝ્ઝમાને વદ્દૌર"** કહેવાય છે. દરજામાં કમી-બૈશી હોય છે. નબીનાં ઝમાનમાં નબી, વસીનાં ઝમાનમાં વસી, ઈમામનાં ઝમાનમાં ઈમામ અને ઈમામની ગૈબત-ગૈર મૌજૂદગી-સતરમાં દાઈયુલ મુત્લક આદમ (અ.સ.) નાં મકામમાં હોય છે. જેને એક મઆનીમાં અલ્લાહનાં ઝમીન પર હુજ્જત અને ખલીફા કહી શકાય. આ દાઅવત ઈબ્દાઈ છે, પહેલેથી અને અસલથી છે. તેથી તે અસલીયતનાં ખમીરામાં અલ્લાહ તરફથી ઈન્સાની શિક્લમાં ઝમીનમાં હોય છે તો જ ઝમીનને કરાર હાસિલ થાય છે. ***હરએક દૌરમાં હાદી હોવું સુન્નતુલ્લાહ છે. તેમાં કોઇ તબદીલ, તેહવીલ અને શક નથી.*** ઝમીનના ગેહવારામાં રહીને તેઓ ઈલાહી નૂરને ફેલાવતા હોય છે. તેઓનું ફૈઝ જારી-સારી હોય છે. આફતાબની મિસિલ હિદાયતની રોશની અને નૂર બખશતા હોય છે. કાએનાતની હર ઝિન્દા મુર્દા ચીઝોને નવાઝે છે. સૂરજની ગૈર હાઝરીમાં ચાંદ અને ચાંદની ગૈર હાઝરીમાં સિતારા, હર હાલતમાં નૂરે ઈલાહી ફેલાવતા રહે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, "આ જહાનમાં હું ન રહું તો ચાંદને તાબેઅ થાવ યાઅની કે અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ને તાબેઅ થાવ ! તે બાદ ઝોહરા સિતારાથી નૂર હાસિલ કરો. અને એ ન રહે તો ફરકદૈન યાઅની હસનૈન, બે રોશન સિતારાઓથી હિદાયત હાસિલ કરો." અલ્લાહતઆલાએ હર ઝમાનમાં હાદી સાથે હિદાયતને જોડેલી છે. હાદી યા તો મૌજૂદ હોય, હાઝિર હોય, યાકે સતરમાં પરદામાં હોય. આ બેવે હાલાતોને દાઅવતની ઝબાનમાં અઈમ્મતે એઝામ (સ.અ.) અને દોઆતે કિરામ (ર.અ.) એ દૌરૂસ્સતર અને દૌરૂઝ્ઝુહૂરથી તાઅબીર કીધેલી છે. **ઝમાનો સતરનો હોય યા ઝુહૂરનો હક્કનાં હાદીની હિદાયતનો આવાઝ ગુંજતો જ રહે છે અને લોગોને ગુમ્રાહીથી બચાવે છે.** ઈબ્લીસુઝ ઝમાન યાઅની કે ઝમાનામાં હરએક હાદીના દુશ્મન જે ઈબ્લીસનાં મકામમાં હોય છે તેની માઅરેફત અને ઓલખ કરાવીને ઈમાનનો રસ્તો હમ્વાર કરીને કુફ્રના રસ્તા તરફ ભટકાવતાં રોકે છે. બેવે ઝમાનમાં ઈબ્લીસ અને ફિરઔન હોય છે અને હોવો ઝરૂરી છે, જે હક્કનાં લોગોને પોતાની ફરેબી વાતો, મક્કારી અને ચાલસાઝી, જાલસાઝીથી વરગલાવતો હોય છે અને રૂશ્દો હિદાયતના આવાઝને કુચલવાની કોશિશ કરતો હોય છે. લાઅનતના મુસ્તહિક્કને સલવાતનાં મુસ્તહિક્ક ઉપર તરજીહ અને ફૈકીયત આપીને પોતે મલઊન બનતો હોય છે. પણ અલ્લાહતઆલાની હક્કનાં ધનીને તાઈદ અને નુસ્રત હોય છે તેથી તેની નાપાક નજિસ કોશિશ કારગર થતી નથી અને તેના બેવે હાથ ઝમીન દોઝ થઈ જાય છે.

દાઅવતે હાદીયાહની તાવીલ અને હકીકતની કિતાબોમાં મન્કૂલ છે કે, દૌરૂલ કશફ ૫૦,૦૦૦ સાલનો, તે બાદ દૌરૂલ ફત્રત ૩૦૦૦ સાલનો અને તે બાદ દૌરૂસ્સતર ૭,૦૦૦ સાલનો હોય છે. આ ત્રણ (૩) દૌરાને મીલાવીએ તો એક દૌર નૂન થાય છે, જેની મુદ્દત ૬૦,૦૦૦ વરસની થાય છે. એક દૌરે નૂન પૂરો થયા બાદ કિયામતે સુગરા વાકેઅ થાય છે. પહેલા દૌરૂલ કશફમાં તે બાદ દૌરૂલ ફત્રતમાં યાઅની કે ૫૩,૦૦૦ સાલમાં ઈમામે મુસ્તકરનો સિલસિલો જારી રહે છે અને તે બાદ દૌરૂસ્સતર આવે છે અને ૭,૦૦૦ સાલમાં આ મુસ્તકર ઈમામનાં સિલસિલાને સાથે સાથ મુસ્તૌદેઅ નબીઓનો સિલસિલો, કે જે નબીઓ શરીઅતનાં સાહબ હોય છે તે જારીયા-સારીયા થાય છે. અલ્લાહતઆલાએ ઈમામતનાં સિલસિલાને બાવાજીથી ફરઝન્દની તરફ ચલાવેલો છે, જે કોઈ રૂકાવટ બગૈર કાઈમુલ કિયામહ અલા ઝિકરેહિસ સલામ તક જારી રહેશે.

★